

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે;
એ ગામ-પુરને ધન્ય છે, એ માત કુળ જ વન્દ્ય છે.
તારાં કર્યાં દર્શન અરે ! તે લોક પણ કૃતપુણ્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.

## ૧૧૬મી જન્મજયંતી-વિશેષાંક


કહાન સં. ૨૫ 
સં. ૨૦૬૧ [૭૩૯] * આત્મધર્મ * [અંક-૧૧ 
વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૧ 
મે-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ મોક્ષના અર્થી એવા મને કોઈની પણ સાથે—મિત્ર-શત્રુ કે મધ્યસ્થ—નજીકમાં વર્તતા પ્રાણી સાથે કામ નથી. ૮૬૭.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧૬, ગાથા-૨)*

❀ અરિહંતદેવકી પ્રતિમાકા સ્થાન જિનાલય, શ્રી જિનેન્દ્રદેવ (જિન-પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેનેવાલે ગુરુ, સંસારસાગરસે તૈરનેકે કારણ પરમ તપસ્વીયોંકે સ્થાન સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત, ગદ્ય-પદ્યરૂપ રચના ઈત્યાદિ જો વસ્તુ અચ્છી યા બૂરી દીખનેમેં આતી હૈં વે કાલરૂપી અગ્નિકા ઈંધન હો જાવેગી.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, શ્લોક-૧૩૦)*

❀ ભેદવિજ્ઞાનમેં પ્રેમ સો હી વાત્સલ્યગુણ હૈ. સમ્યગ્દર્શન ભેદજ્ઞાનસ્વરૂપ હૈ. આત્માકો પરસે ભિન્ન જાનના ભેદવિજ્ઞાન હૈ. યહી સમ્યગ્દર્શન યા સચ્ચા શ્રદ્ધાન હૈ. ઈસીકે દ્વારા સ્વાનુભવ હોતા હૈ જો અસલી મોક્ષમાર્ગ હૈ. ૮૬૯.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૩૫)*

❀ ચક્રવર્તી અથવા રાજા સાધારણ રાજાઓની આજ્ઞાનો ભંગ થતાં પણ મરણનું દુઃખ થાય છે, તો શું ત્રણલોકના પ્રભુ એવા દેવાધિદેવ જિનેન્દ્રદેવની આજ્ઞાના ભંગથી દુઃખ નહિ થાય?—જરૂર થશે જ. ૮૭૦.

*(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, ગાથા-૯૮)*

❀ મિથ્યાદૃષ્ટિ જીવ આત્માના સ્વરૂપને ભૂલી જઈને કર્મબંધના સારાં ફળમાં પ્રેમ કરે છે, ખરાબ ફળમાં દ્વેષ કરે છે તથા જ્ઞાન અને વૈરાગ્ય જે આત્માના હિતના કારણ છે તેને આત્માને દુઃખના આપનારા માને છે. ૮૭૧.

*(પં. દૌલતરામજી, છઢાળા, ઢાળ-૨, શ્લોક-૬)*

❀ આ સંસારનો તમાશો તો જુઓ !—કે જેમાં કરગરીને માંગવા છતાં એક પાંદડુંય મળતું નથી ને અજ્ઞાની કષ્ટથી પેટ ભરે છે. પણ જો અજ્ઞાન છોડીને તે સંસારથી વિમુખ થઈ જાઓ તો વગર માગે પોતાના સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે. ૮૭૨.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૧૯)*

❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૧
અંક-૧૧
[૭૩૯]

વીર
સંવત
૨૫૩૧
સં. ૨૦૬૧
MAY
A.D. 2005




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન
## [દ્રવ્યદૃષ્ટિપ્રેરક ગુરુ-વચનામૃત]

❀ આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. ૧.

❀ જ્ઞાયકભાવ રાગને ને પરને પ્રકાશવાના કાળે જ્ઞાયક જ છે ને પોતાને પ્રકાશવાના કાળે પણ જ્ઞાયક જ છે. એવા જ્ઞાયકસ્વભાવી શુદ્ધ આત્માને હે શિષ્ય! તું જાણ. ૨.

❀ શ્રી સમયસાર ગાથા ૩૨૦મા કહ્યું છે ને! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે! ૩.

❀ અરે ભાઈ! તું વિચાર તો કર કે તું કોણ છો? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ૪.

❀ તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો

છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા! ૫.

❀ જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ–મોક્ષની પર્યાય અને બંધ–મોક્ષના કારણ વિનાનો તે જીવ છે. ૬.

❀ ઉત્પાદ–વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમયકા ધ્રુવ ઓ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. ૭.

❀ જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું? જેમ છે તેમ છે. ૮.

❀ ક્રમબદ્ધ માનતાં ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્યદ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ૯.

❀ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલાં જિજ્ઞાસુની ભૂમિકામાં પણ ત્રિકાળી ધ્રુવ આત્માને જ અધિક રાખવાનો પુરુષાર્થ કરવો. ૧૦.

❀ ચક્ષુની માફક આત્મા માત્ર જાણે–દેખે જ છે; આહાહા! જે થાય તેનો માત્ર જાણનાર....જાણનાર ને જાણનાર જ આત્મા છે. ૧૧.

❀ હું જ્ઞાયક...જ્ઞાયક....છું, રાગાદિ તે હું નહીં—એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે. ૧૨.

❀ જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. ૧૩.

❀ બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. ૧૪.

❀ પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો! સંક્ષેપમાં આ દોષ છે. ૧૫.

❀ મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા

રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે. ૧૬.

❀ ખંડખંડપણે પરને જાણવાની યોગ્યતાવાળો ભાવ એ પણ ખરેખર પરજ્ઞેય છે, તેની સાથે જ્ઞાયકની એકતા કરવી–માનવી તે પણ સંસાર છે. ૧૭.

❀ સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું, એકલો વીતરાગી જ્ઞાતાભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. ૧૮.

❀ પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. ૧૯.

❀ પરનો કર્તા તો ક્યાંય રહ્યો, પણ પરનો જાણનાર પણ નથી. પોતે જ જ્ઞેય છે, પોતે જ જ્ઞાન છે ને પોતે જ જ્ઞાતા છે. ૨૦.

❀ જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. ૨૧.

❀ હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેય છું તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી. ૨૨.

❀ જેમ પ્રકાશવામાં આવતાં ઘટપટાદિ પદાર્થો દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે, ઘટપટાદિને નહિ. તેમ જાણવામાં આવતાં રાગાદિક ભાવો આત્માના જ્ઞાયકપણાને જ પ્રસિદ્ધ કરે છે, રાગાદિકને નહિ. કેમ કે દીવાનો પ્રકાશ દીપકથી તન્મય છે. તેથી પ્રકાશ દીપકની પ્રસિદ્ધિ કરે છે, તેમ જ્ઞાન આત્માથી તન્મય હોવાથી જ્ઞાન આત્માને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, રાગાદિને નહિ. ચૈતન્ય સ્વયં પ્રકાશસ્વભાવી હોવાથી પર સંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી. આત્મા પરને પ્રકાશે છે; પણ તે વ્યવહારથી વાત કરી. ખરેખર તો પર સંબંધીના પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. આ બધી જગતની ચીજો છે તે સંબંધીની પોતાની પરપ્રકાશકતા જ્ઞાનપ્રકાશને જ પ્રકાશે છે. ૨૩.

❀ હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. ૨૪.

❀ "તું પરમાત્મા છો એમ નક્કી કર ! તું પરમાત્મા છો એમ નક્કી કર ! ઓહોહો !! ભગવાન ! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો !—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે ?–કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ." ૨૫.

❀ સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડ્યો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદૃષ્ટિ છે તે યથાર્થ વાત છે. ૨૬.

❀ રાગકા મૈં કર્તા નહીં, પરકા મૈં કર્તા નહીં. મૈં તો સર્વજ્ઞ હું, તો શ્રદ્ધામેં સર્વજ્ઞ હો ગયા. ૨૭.

❀ શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દૃષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે. ૨૮.

❀ જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પરના આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્‌ગલનો છે એમ માને. ૨૯.

❀ જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૩૦.

❀ જે પરમાણુની પર્યાય જે કાળે જે ક્ષેત્રે તેના જન્મક્ષણે ષટ્‌કારકથી પરિણમે છે તેને કોણ કરે ને કોણ ફેરવે ? આ રીતે જ દરેક દ્રવ્યનું સ્વતંત્ર પરિણમન છે. ૩૧.

❀ પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયકકી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ. ૩૨.

❀ વ્યવહારરત્નત્રયનો રાગ આવ્યો તેને જ્ઞાને જાણ્યું, ત્યાં જ્ઞાન પોતાની

પર્યાયને જાણે છે, રાગને નહીં. જાણનાર સ્વને જાણતાં પરને જાણવાપણે પરિણમે છે તોપણ તેને જ્ઞેયકૃત જ્ઞાન થયું છે તેમ નથી પણ તેને જ્ઞાનકૃત જ્ઞાન છે. સ્વપરપ્રકાશક શક્તિને લઈને જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞેયને જાણે છે તેમ કહેવું એ તો વ્યવહાર છે. રાગને જાણતાં જે જ્ઞેયાકારે જણાયો તે આત્મા જણાયો છે, રાગ જણાયો નથી, કેમ કે તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. ૩૩.

❀ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી એનો અર્થ એ થયો કે એની પર્યાય પોતાથી જ થાય છે અને તે ક્રમબદ્ધ થાય છે. એક સિદ્ધાંત બરાબર પકડે તો બધું આવી જાય છે. આ તો મિથ્યાત્વને તોડવાની ચાવી છે. ૩૪.

❀ જેમ છ દ્રવ્યસ્વરૂપ લોક છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે, જેમ દ્રવ્ય ને ગુણ પોતામાં, પોતાથી છે તેમ પર્યાય પણ પોતામાં, પોતાથી, પોતાના કારણથી છે. ૩૫.

❀ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે ?–કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ૩૬.

❀ પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ. લેકિન અટકનેકા સ્થાન બહુત હૈ તો કહીં ન કહીં જીવ અટક જાતા હૈ. કોઈ સંયોગકી, રાગકી, ક્ષયોપશમકી, ઐસે ઐસે કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ. ૩૭.

❀ દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. "યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે." ૩૮.

❀ વર્તમાન વર્તમાન વર્તતી ચાલુ કાળની જ્ઞાનપર્યાય તે ત્રિકાળી જ્ઞાયકનો જ એક અંશ છે. તેને અંતરમાં વાળતા "ચૈતન્ય હીરો" જ્ઞાનમાં આવે છે. ૩૯.

❀ આહાહા ! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય યોગ્યતા અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. ૪૦.

❀ ભાઈ ! એકવાર બહારની મોહની મીઠાશ છોડી દે. મોટા ઘર ને ફર્નિચર ને સગવડતાના સાધનોમાં મતિ એટલી બધી એકાકાર થઈ ગઈ છે કે બાપુ ! મરતાં તને તે બધું છોડવું આકરું પડશે. માટે ત્યાંથી મતિ હટાવી લે. ૪૧.

❀ રાગથી ને પર્યાયથી પણ ભિન્ન હું આ જ્ઞાયક છું—એવું નિરંતર ઘૂંટણ રહેવું જોઈએ. ૪૨.

❀ હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી—એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ....એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે. ૪૩.

❀ જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે જાતનો રાગાદિ થશે તેને તે પ્રકારે જાણતી તે જ પ્રકારે ક્રમબદ્ધમાં આવશે. તે પર્યાય છે તેનો પણ કર્તા દ્રવ્ય નથી. તે પર્યાયનો કર્તા પર્યાય છે. નવું નવું થાય છે તે થવાનું છે તે જ થાય છે, તેને કરવું છે ક્યાં ? થાય છે—હોય છે તેને જાણે છે, એ જાણવાની પર્યાય પણ તે કાળે થવાની છે તે થાય છે, થાય છે તેને કરવું શું ? ૪૪.

❀ ભગવાન આત્માનો ઉલ્લસિત વીર્યથી આદર છોડીને બહારના કોઈ પણ ઉપાધિ ભાવ કે કર્મજન્ય સંયોગના સંસર્ગમાં આવતાં તેમાં વીર્ય ઉલ્લસિત થઈ જાય કે "આહાહા ! આહાહા !"—એમ પરમાં વિસ્મયતા થઈ જાય તેને બહિરાત્મા કહે છે. ૪૫.

❀ જ્યાં સુધી જ્ઞેયમાં બે ભાગલા પાડે છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ ઊભો થાય છે. બાયડી, છોકરા મારા નહિ અને દેવ-શાસ્ત્ર-ગુરુ મારા એવા પણ જ્ઞેયમાં બે ભાગલા પાડે છે, ત્યાં સુધી મિથ્યાત્વભાવ ઊભો થાય છે. ૪૬.

❀ ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે પણ જ્ઞાયકની દૃષ્ટિ નહીં હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને—રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૪૭.

❀ હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો ! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે ?—એ વાત રહેવા દે ભાઈ ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર ! આહાહા ! ! ૪૮.

❀ યોગીન્દુદેવ કહે છે તારે મુક્તિનું પ્રયોજન હોય તો પહેલાં આમ નક્કી કર ! નિર્ણય કર ! કે—"હું જ પરમાત્મા છું." ૪૯.

❀ અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ !

પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ ! ૫૦.

❀ ભાઈ ! તું વિશ્વાસ લાવ !—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. ૫૧.

❀ જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. "સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો"—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઈન્દ્રોની સમક્ષ આવ્યો છે. ૫૨.

❀ શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છો. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું ! એકરૂપ પરિપૂર્ણ જ છો...પરિપૂર્ણ પરમાત્મા જ છો. ૫૩.

❀ ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો...હવે મારું શું થશે ! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૫૪.

❀ પ્રભુ ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી ! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. ૫૫.

❀ સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. ૫૬.

❀ આત્મા સમજવા માટે તો એને રાગની કેટલીક મંદતા હોવી જોઈએ, રાગની તીવ્રતામાં તો આત્મા સમજવામાં આવતો નથી. ૫૭.

❀ જ્યારે આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે. જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવ-સન્મુખનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથે જ હોય, કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરુષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય. ૫૮.

❀ મૂઢ અજ્ઞાની જીવ જ્ઞાનની જાણવાની દશામાં 'આ આત્મા છું' એમ નહીં માનતા રાગાદિ હું છું એમ માને છે. ૫૯.

❀ આહાહા ! આવો દુર્લભ મનુષ્યદેહ મળ્યો છે ને આવો વીતરાગનો માર્ગ મહાભાગ્યે મળ્યો છે તેણે મનનો ઘણો ઘણો બોજો ઘટાડીને આત્માને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયના વલણવાળો બોજો ઘટાડીને આત્માને ઓળખવાના વિચારમાં રોકાવું જોઈએ. ૬૦.

❀ અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો ! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને ! ૬૧.

❀ નિગોદમાંથી સંજ્ઞી-પંચેન્દ્રિય મનુષ્યપર્યાય મળવી અનંત અનંત દુર્લભ છે. તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો યોગ મળવો મહા દુર્લભ છે. એટલે સુધી આવીને હવે એણે કરવા જેવું આ એક જ છે કે પોતાના ભગવાન આત્માને ઓળખી લેવો. બીજે ક્યાંય રોકાવા જેવું નથી. આ ટાણા ચૂક્યો તો ફરી આવો અવસર નહિ મળે. અત્યારે તો "સબ અવસર આ ચુકા હૈ." ૬૨.

❀ જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનું હસ્તાવલંબ—નિમિત્ત જાણીને ઘણો કર્યો છે પણ તેનું ફળ સંસાર જ છે. ૬૩.

❀ અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં આગળ વધતો જાય છે તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવામાં ભ્રષ્ટ થાય છે. પહેલાં આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ, ૬૪.

❀ જે સમયે જડના પરિણામ થાય છે તે જ સમયે જ્ઞાતાના પરિણામ જાણવાના થાય છે એ જ જ્ઞાતાનું વ્યાપ્ય છે, એ જ જ્ઞાનનો પુરુષાર્થ છે. ફેરફાર કરવું તે તો ઊંધો પુરુષાર્થ છે. ૬૫.

❀ આહાહા! આત્મા એટલે પોતે જ પરમેશ્વર છે. અનંત અનંત કેવળજ્ઞાન અને સિદ્ધ પર્યાયો આત્મામાં ભરી છે. પોતે જ પરમેશ્વર છે. બીજા પરમેશ્વર ક્યા હતા!...પોતે જ પોતાનો પરમેશ્વર છે. ૬૬.

❀ માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ૬૭.

❀ પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું—એમ સ્વ-વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે. ૬૮.

❀ આજ આકિંચનધર્મકા દિન હૈ ને! શરીર, ખાના-પીના, રાગ આદિ તો મેરા નહીં, લેકિન ઉત્પાદ-વ્યય પર્યાય ભી મેરી નહીં, ધ્રુવસ્વરૂપ હી મેરા હૈ. ૬૯.

❀ શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. ૭૦.

❀ આચાર્ય ભગવાન કહે છે કે તું સિદ્ધ છો, તારામાં તું તને સિદ્ધપણે સ્થાપીને સાંભળજે. સિદ્ધથી ઓછું અમારી પાસે માંગીશ નહિ. ૭૧.

❀ નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. ૭૨.

❀ જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. ૭૩.

❀ તારા ભાવ સિવાય, ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ૭૪.

❀ સૌના પરિણામની જવાબદારી સૌના માથે છે. ૭૫.

❀ અરે! આ સં....સા.....ર! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનો બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુઃખથી છૂટવાનો રસ્તો શોધે. ૭૬.

❀ ભાઈ ! સમય સમય કરતાં કાળ તો ચાલ્યો જ જાય છે, તેમાં જો તું સ્વભાવ સન્મુખ ન થયો તો તેં શું કર્યું ? ગમે તેટલા પ્રયત્ન વડે પણ વિકારથી ભિન્ન ચૈતન્યનો અનુભવ કરવો—તે જ કરવાનું છે. ૭૭.

❀ આત્માનું ભાન હજુ ભલે ન હો, પણ મુંઝાવું નહીં. જેને સ્વની રુચિ—સ્વ-સન્મુખની રુચિનો રસ થયો છે તેને પર તરફની રુચિનો રસ ઘટી ગયો છે. ૭૮.

❀ દરેક પર્યાયની સ્વકાળલબ્ધિ જોતાં નિમિત્તાધીન દૃષ્ટિ છૂટી જાય છે અને દ્રવ્યસ્વભાવની મહાનતા જોતાં પર્યાયદૃષ્ટિ—પર્યાયનું લક્ષ છૂટી જાય છે ને વસ્તુની દૃષ્ટિ થઈ જાય છે. ૭૯.

❀ આ પરમાત્મતત્ત્વની વાત સાંભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું...જ્ઞાયક છું....એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વભાવનો રસ મંદ પડતો જાય છે. ૮૦.

❀ અહો ! ક્ષણમાં મરી જવું અને મમતાનો પાર નહિ ! ૮૧.

❀ જીવનો પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને એ ક્રમબદ્ધ જ છે એવો નિર્ણય કરે તે અકર્તા થાય અને અકર્તા થયો તે જ પુરુષાર્થ છે. ૮૨.

❀ શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુને આજીવિકા મળતી હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી. કરવા જેવું તો આ જ છે. ૮૩.

❀ તારા જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે તેથી તારી પર્યાયમાં આત્મા ત્રિકાળી ભગવાન વસ્તુ જણાય છે, પણ ત્યાં જોતો નથી ને પરજ્ઞેય જણાય છે એમાં જોવે છે માટે પર્યાયના ધર્મથી વિપરીત તે જાણ્યું એટલે તને આત્મા જણાતો નથી. ૮૪.

❀ સ્વ-પરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ તે પર્યાય જ જ્ઞેય છે. ૮૫.

❀ પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે—એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે. ૮૬.

❀ સિંહ શું કોઈ હરણિયાં ને શિયાળિયાંનો પરિચય કરતો હશે ? જંગલમાં સિંહ જેમ નિર્ભયપણે વિચરે છે, તેમ તું પણ તારા સ્વરૂપમાં, લોકથી સાવ અળગો થઈને, વિચરજે. ૮૭.

❀ વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધપર્યાયના સ્વકાળનું સત્ પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવવી છે. ૮૮.

❀ ભાઈ! ઘોર સંસારનું કારણ એવી કનક-કામીનીના મોહથી આભડછેટ લાગે છે એને છોડીને અને પશુ સમાન અજ્ઞાની જીવકૃત લૌકિક ભયને છોડીને તું જેવો છો એવો થા! ૮૯.

❀ રાગાદિ ચિદ્‌વિકારોને દેખીને એવો ભ્રમ ન કરવો કે રાગાદિ પણ ચૈતન્ય જ છે. ૯૦.

❀ એકક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્‌ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્‌ગલ પર્યાયનો જ્ઞાતા જ છું—આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી એ ભવભ્રમણના નાશનું કારણ છે. ૯૧.

❀ કોઈ આકરી પ્રતિકૂળતા આવી પડે, કોઈ આકરાં કઠોર મર્મ-છેદક વચન કહે તો શીઘ્ર દેહમાં સ્થિત પરમાનંદ સ્વરૂપ પરમાત્માનું ધ્યાન કરીને દેહનું લક્ષ છોડી દેવું. સમતાભાવ કરવો. ૯૨.

❀ આ જીવનું અંદર રુચિથી રટણ અને ઘૂંટણ ઈ અંદર આગળ જવાનો રસ્તો છે. સ્વરૂપ પ્રત્યે એને પ્રેમની જરૂર છે. ૯૩.

❀ એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકનું લક્ષ કરીશ તો તુરત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે. ૯૪.

❀ પર-પદાર્થમાં ઠીકપણું અને અઠીકપણું લાગવું એ જ દુઃખનું લક્ષણ છે, પોતાની શાંતિ માટે પરનો આશ્રય લેવો પડે એ જ દુઃખ છે. ૯૫.

❀ સર્વજ્ઞની વાણીએ પણ હું પુરો ન પડું એવો, એ તે હું કોણ? એનું જેને માહાત્મ્ય આવ્યું છે આહાહા!....અને એ માહાત્મ્યનું ભાસવું એ જ એને કરવાનું કર્તવ્ય છે. ૯૬.

❀ સામાન્યની સાથે વર્તતું એકરૂપ ધ્રુવવિશેષ છે, તે કારણશુદ્ધપર્યાય છે. અહો! એકધારાએ પરમપારિણામિકભાવની પરિણતિથી શોભિત ચૈતન્ય ભગવાન બિરાજી રહ્યો છે. દ્રવ્યે-ગુણે તો પૂરો છે પણ પર્યાયમાં પણ પરિપૂર્ણ ભગવાન અનાદિ અનંત એકધારાએ

જ્યારે જુઓ ત્યારે વર્તમાનપણે બિરાજી રહ્યો છે—શોભી રહ્યો છે. ૯૭.

❀ વસ્તુમાં રાગ-દ્વેષ અને મિથ્યા શ્રદ્ધાની ગંધ જ નથી. શક્તિમાં તો એકલું સિદ્ધપદ જ પડ્યું છે. ૯૮.

❀ મહાન-મહાન અનંત અનંત માહાત્મ્ય પૂર્વક નિર્ણય હો જાય, બસ ખલાસ! પીછે રાગ આને પર ભી છૂટા હી છૂટા હૈ. ૯૯.

❀ બહારના જેટલા ઊભરા આવે એ તો બધા પ્રકૃતિના ચાળા છે. વિકલ્પ ઊઠે ઈ પણ બધા પ્રકૃતિના ચાળા છે અને બહારનું જે બધું થાય છે એ તો બધું પુદ્‌ગલપરાવર્તન અનુસાર થયા જ કરે છે. ૧૦૦.

❀ જેમ એક દ્રવ્ય પલટીને અન્ય દ્રવ્યરૂપે ન થાય, ક્ષેત્ર પલટીને અન્ય ક્ષેત્રપણે ન થાય, તેમ વસ્તુનો પર્યાય પલટીને અન્ય પર્યાયરૂપે થાય જ નહીં. પર્યાય પણ તે સમય પૂરતી વસ્તુ છે. ૧૦૧.

❀ અહો! દેહ સંસાર અને ભોગથી ચેતતા રહેવા જેવું છે. ૧૦૨.

❀ બાહ્ય વૈભવોમાં સુખ માનવું તે વિષ્ટામાં સૂવું ને તેમાં સુખ માનવા જેવું છે. ૧૦૩.

❀ અજ્ઞાનીની વિદ્વતા તેના આત્માને સળગાવી મૂકે છે. ૧૦૪.

❀ વિકલ્પાત્મક નિર્ણયથી મને લાભ થશે એમ માન્યું એણે તો મિથ્યાત્વને સમુકું દૃઢ કર્યું. ૧૦૫.

❀ સિદ્ધ ભગવાનકો કહેના કિ તુમ આકર મેરી દયા કરો, ઐસે જ્ઞાતાસ્વભાવકો રાગ કરના કહેના હૈ. ૧૦૬.

❀ આત્માને તો કાયમી એક જ્ઞાયકભાવનો જ વેષ છે. ૧૦૭.

❀ વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોંટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે. ૧૦૮.

❀ આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. ૧૦૯.

❀ પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું. ૧૧૦.

❀ ભાઈ બાપુ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો! ૧૧૧.

❀ હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ તું નથી. ૧૧૨.

❀ વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો! ૧૧૩.

❀ હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે! ૧૧૪.

❀ આત્મધ્યાન તે મોક્ષનું મૂળ છે તો તેની સામે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. દયા–દાન–પૂજા–પઠન–પાઠન–વ્રત આદિ અનેક પ્રકારના શુભભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. ૧૧૫.

❀ જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી. ૧૧૬.

❀ તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્‌ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય–પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આવો નિર્ણય કર. ૧૧૭.

❀ આહાહા! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! ૧૧૮.

❀ જ્યાં સુધી તું સંયોગમાં, રાગમાં, પુણ્યમાં, પાપમાં, નિમિત્તમાં કે વ્યવહારમાં ક્યાંય પણ પ્રભુતા સ્થાપીશ–મોટપ માનીશ ત્યાં સુધી આત્મા હાથ નહિ આવે માટે અંતરમાં તારી પ્રભુતાનો સ્વીકાર કર! હું જ પરમેશ્વર છું એમ પહેલાં નક્કી કર! વિશ્વાસ લાવ! ૧૧૯.

❀ અરે! દુનિયા પ્રશંસા કરે કે નિંદા કરે,—એ તો જગતની ચીજ છે. તેની સાથે મારે શો સંબંધ છે? આત્મસ્વભાવનો અદ્‌ભુત મહિમા બરાબર સમજાતાં મુમુક્ષુ જીવ અંતરમાં સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે એક મારું આત્મદ્રવ્ય જ જોઈએ છે, બીજું કાંઈ જ જોઈતું નથી.' 'જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તે જ હું છું'—એવા ભાવરૂપે તે પરિણમી જાય છે. ૧૨૦.

❀ મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોંકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે. ૧૨૧.

❀ પહેલેમેં પહેલે મેરેમેં શરીર-સંસાર-વિકલ્પ હૈ હી નહીં ઐસા નિર્ણય કરકે અનુભવ કર લેના ચાહિયે. ૧૨૨.

❀ જે શ્રોતા સિદ્ધોનું પર્યાયમાં સ્થાપન કરીને સાંભળે છે, વાંચે છે, વિચારે છે, એમાં એનું જ પોષણ ને પુષ્ટિ કરતાં કરતાં અલ્પ કાળમાં સિદ્ધ થઈ જવાના જ છે. ૧૨૩.

❀ આત્માના સંસ્કારોને દૃઢ કરવા વસ્તુસ્વરૂપનો નિર્ણય દૃઢ કરવો. શુદ્ધ છું, એક છું, જ્ઞાયક છું, એનો ચારે પડખાથી વારંવાર નિર્ણય પાકો કરીને દૃઢ કરવો. ૧૨૪.

❀ વીતરાગતા ક્યારે થાય?—કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી—પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિઃસંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. ૧૨૫.

❀ ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. ૧૨૬.

❀ તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. ૧૨૭.

❀ એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતા-દૃષ્ટા પદાર્થ છો. ૧૨૮.

❀ ભગવાન! તું રાગ અને દેહના સંગમાં પ્રીતિ ન કર. પ્રભુ! ભવિષ્યમાં દુઃખના ડુંગરમાં અનંતકાળ કાઢવો પડશે, માટે ત્યાંથી તારી મતિ છોડી દે. ૧૨૯.

❀ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તે પોતાને જાણે છે ને રાગાદિને સ્પર્શ્યા વિના

રાગાદિના જ્ઞાનને પ્રકાશે છે—એમ પોતાની સ્વ-પરપ્રકાશકરૂપ દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગાદિને પ્રકાશતો નથી. ૧૩૦.

❀ એક વર્તમાન સમયનું લક્ષ છોડી દ્યો તો વસ્તુ તો એકલી શુદ્ધ જ છે. ૧૩૧.

❀ વિકારનું સ્વામીપણું તે બંધનું કારણ છે અને સ્વદ્રવ્યનો આશ્રય તે મુક્તિનું કારણ છે. ૧૩૨.

❀ કષાય આવે તેને જાણવો એ તારી પ્રભુતા છે, કષાયને કરવો ને 'કષાય મારા છે' એમ માનવું—એ તારી પ્રભુતા નથી, પામરતા છે. ૧૩૩.

❀ આહાહા! શરીર–મન–વાણીને આત્મા કરે નહિ, કરાવે નહિ, કરતાને અનુમોદે નહિ. શુભરાગને પણ આત્મા કરે નહિ, કરાવે નહિ, અનુમોદે નહિ. આહાહા! આવી વસ્તુસ્થિતિ છે. ૧૩૪.

❀ ઈ નજર કરે કે પરના કાર્ય મારા નહીં, ત્યાં દુઃખ હળવું થઈ જાય છે. ૧૩૫.

❀ આ તો બહુ ધીરજથી સમજવા જેવું છે, જેમ દરિયાના પાણી સળી વડે ઉલેચવા હોય તો કેટલી ધીરજ જોઈએ! ૧૩૬.

❀ ઉપાદાનને દેખતો નથી ને નિમિત્ત ઉપર દૃષ્ટિ પડી છે તેથી નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થવાનો ભ્રમ થઈ ગયો છે. એક દ્રવ્ય અન્ય દ્રવ્યમાં પ્રવેશ પામી શકતું નથી, બહાર જ લોટે છે, તે અન્ય દ્રવ્યનું કરે શું? ૧૩૭.

❀ ભાઈ! અંદર સ્વભાવમાં હઠ કામ ન આવે, સહજ પુરુષાર્થથી અંદર જવાય છે. આ વાત સમજવા જેવી છે. ૧૩૮.

❀ મન–વચન–કાયાથી કરવું, કરાવવું ને એમ અનુમોદવું કે હું જેવો છું તેવા જ બધા જીવો પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાન છે. ૧૩૯.

❀ પાંચ-ઈન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાન્તિને દઝાડે છે. ૧૪૦.

❀ આ સમજવા માટે કેટલી ધીરજ જોઈએ અને કેટલી શાંતિ જોઈએ! બહારના કેટલા ઉછાળા છૂટી જાય ત્યારે ઈ અંદરમાં જાણવા જાય. ૧૪૧.

❀ પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળો ય છોડાવ્યો છે. ૧૪૨.

❀ પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. ભાઈ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી. ૧૪૩.

❀ સ્વરૂપનો મહિમા લાવે તો.....અપૂર્વ મહિમા આવતાં રાગમાંથી લક્ષ છૂટી સ્વરૂપની રુચિ ને લક્ષ થાય છે. ૧૪૪.

❀ ભાઈ! તારા ચૈતન્યના પુંજની નિધિને સંભાળ, બાકી બધું જે થવાનું હશે તે થશે. ૧૪૫.

❀ જે કરવાપણાના દુઃખથી થાકેલો છે તેને ક્રમબદ્ધ ખ્યાલમાં આવતાં પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. ૧૪૬.

❀ પોતાના સ્વભાવની મહિમા ચૂકીને પરદ્રવ્ય કે પરભાવમાં ક્યાંય પણ જરાય માહાત્મ્ય આવશે ત્યાં સુધી માહાત્મ્યવાળો નિજ આત્મા હાથ નહિ આવે. ૧૪૭.

❀ પહેલેથી જ સંસ્કાર નાખવા જોઈએ કે હું સિદ્ધ છું, શુદ્ધ છું, પરમાત્મા છું. ૧૪૮.

❀ અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! ૧૪૯.

❀ છએ દ્રવ્ય જ્ઞેય છે, તેની પર્યાય તેના સ્વકાળે-જન્મક્ષણે જે થાય છે તેને કરવી છે ક્યાં? તેને જાણે છે; તે જાણું છું એ હું, પણ કરું છું એ કરવું પણ ક્યાં છે? કરવું એ વસ્તુમાં જ નથી, થાય છે તેને કરું છું એ શું? ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કર્યો એટલે બસ! બધું આવી ગયું. ૧૫૦.

❀ જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે. ૧૫૧.

❀ અહો! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. ૧૫૨.

❀ અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ અવસ્થામાં હોવા છતાં હું પૂર્ણ અખંડ વીતરાગ છું, ભગવાન જ છું—એવી નિર્ભ્રાંત શ્રદ્ધા કરવી. ૧૫૩.

❀ વિકલ્પમાં પોતાનું અસ્તિત્વ અને માહાત્મ્ય ભાસે છે એ જ મિથ્યાત્વ છે. ૧૫૪.

❀ બીજા દેવ-દેવલાની તો શું વાત! પણ સર્વજ્ઞની શ્રદ્ધા એ પણ શુભભાવ છે. આહાહા! ગજબ વાત છે ને! ત્રણલોકના નાથની ભક્તિ પણ ભવનું કારણ છે. ૧૫૫.

❀ રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે—મારા માટે કિંચિત્માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. ૧૫૬.

❀ હે જ્ઞાનના ઇચ્છક પુરુષ! સાંભળ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. ૧૫૭.

❀ પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. ૧૫૮.

❀ અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. ૧૫૯.

❀ આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા! જુઓ તો ખરા! વસ્તુ જ આમ છે. ૧૬૦.

❀ સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું—એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા-ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો. ૧૬૧.

❀ ગમે તે પ્રસંગમાં પ્રત્યેકપળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. ૧૬૨.

❀ દ્રવ્યમાં વિકાર નથી, ગુણમાં નથી, નિમિત્તમાં નથી પણ માળો જોર કરીને જબરજસ્તીથી અદ્ધરથી લટકતો, સમય પૂરતો ઊભો કરે છે. ૧૬૩.

❀ પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૧૬૪.

❀ પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. ૧૬૫.

❀ દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર-વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધા સ્ત્રી-પુત્ર ખાવા–પીવા આદિના અશુભભાવો તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક–નિગોદનું મહાબીજ છે. ૧૬૬.

❀ આહાહા ! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત–ભવિષ્યની પર્યાયોને સર્વજ્ઞ દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. ૧૬૭.

❀ પહેલી ચોટમાં હું સિદ્ધ છું—એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૧૬૮.

❀ વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે. ૧૬૯.

❀ જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં. ૧૭૦.

❀ પરલક્ષી વૃત્તિઓ જે ઉત્પન્ન થાય છે તે જીવને લૂંટીને ઉત્પન્ન થાય છે. શુભાશુભ પરિણતિ એ ચૂડેલ છે, એને અડીશ નહિ. ૧૭૧.

❀ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા ! તું પ્રસન્ન થા ! ખુશી થા ! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડ્યા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ ! તું ખુશી થા ! ને પ્રસન્ન થઈને જો ! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૧૭૨.

❀ બીજી ચપળાઈ ને ચંચળાઈ છોડી દઈ અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ સિદ્ધસદેશ પ્રભુ છે તેને છ માસ તપાસ. ૧૭૩.

❀ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૧૭૪.

❀ ધીરો થઈને જ્ઞાનને જરા વિચારમાં રોક, જેને ભૂલવું છે, જેને મૂકવું છે, જેને છોડવું છે, તેને બધાને ભૂલીને વિચાર કર. ગમે ત્યારે પરને તો તારે છોડવાનું જ છે તો અત્યારે જ એને ભૂલીને તું તને સંભાળ. ૧૭૫.

❀ ચૈતન્ય શક્તિ સ્વભાવના સામર્થ્ય પાસે ચારિત્રગુણની એક ક્ષણની વિકારી પર્યાયનું બંધન એ તે કાંઈ બંધન કહેવાય ? ૧૭૬.

❀ શુભાશુભ ભાવો તો આકુળતામય છે. ભગવાનની ભક્તિ–પૂજા–સ્મરણ કે શાસ્ત્રરચના–વંદના એ બધાં શુભભાવો તો આકુળતામય છે, પ્રભુ તો તેનાથી ભિન્ન નિરાકુળ જ્ઞાયકપ્રભુ છે. ૧૭૭.

❀ મિથ્યાત્વ એ જ મોટામાં મોટો કષાય છે. તત્ત્વ નિર્ણય કરતાં કરતાં તે મંદ થતું જાય છે. નિર્ણય પૂરો થઈ ગયો એટલે તેનો અભાવ થઈ જશે. ૧૭૮.

❀ મારું તત્ત્વ સદાય મને અનુકૂળ જ છે. મારે બીજાની જરૂર નથી. ૧૭૯.

❀ સંસારકી ગંધ બિલકુલ આત્મામેં નહીં, આત્મામેં સંસાર હૈ હી નહીં. મિથ્યાત્વ આદિ ભાવ સંસાર હૈ. ૧૮૦.

❀ આખો દિવસ શાસ્ત્રનો અભ્યાસ કરવો, વિચાર–મનન કરીને તત્ત્વનો નિર્ણય કરવો, અને શરીરાદિથી ને રાગથી ભેદજ્ઞાન કરવાનો અભ્યાસ કરવો. રાગાદિથી ભિન્નતાનો અભ્યાસ કરતાં કરતાં આત્માનો અનુભવ થાય છે. ૧૮૧.

❀ આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું, તેમાં દુઃખ દુઃખ ને દુઃખ છે–ઝેર છે તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૧૮૨.

❀ રાગાદિને જાણતાં પણ જ્ઞાન...જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં, જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે–માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. ૧૮૩.

❀ રુચિ થાય એને થાય જ... થાય જ... થાય.... થાય.... ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ થાય એને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ–હતઉત્સાહ ન આવવો જોઈએ. વીર્યમાં ઉત્સાહ–નિઃશંકતા આવવી

જોઈએ, કાર્ય થશે જ એમ થવું જોઈએ. ૧૮૪.

❀ જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. આયુષ્ય બંધાઈ ગયું હશે તો ! ૧૮૫.

❀ દરરોજ ચાર પાંચ કલાક આનું આ સાંભળવું—વાંચવું હોય તેને શુભભાવ એવા થાય કે મરીને સ્વર્ગમાં જાય, બાકી જેને સત્યનું સાંભળવાનું પણ નથી એવા ઘણા જીવો તો મરીને ઢોરમાં જવાના. ખરેખર તો સત્યનું ચાર પાંચ કલાક દરરોજ વાંચન-શ્રવણ આદિ હોવું જોઈએ. ૧૮૬.

❀ એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં, પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય—એ વાત સમજવામાં મહા પુરુષાર્થ છે. પ્રભુ ! ક્રમબદ્ધ થતી પર્યાયને પરની તો અપેક્ષા નથી પણ પોતાના દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે. ૧૮૭.

❀ એને વિશ્વાસ આવી જવો જોઈએ કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. ૧૮૮.

❀ વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય, સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૧૮૯.

❀ (સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો ?)...ક્યાં સુધી કરવાનું શું ? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે ? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને ! બીજું શું કરવાનું છે ? ૧૯૦.

❀ 'લોક મૂકે પોક,' તારે દુનિયાનું શું કામ છે ? દુનિયા દુનિયાનું જાણે તું તારા આત્માનું હિત થાય તેમ કરી લે ને ! આ તો આત્મહિત કરી લેવાની મોસમ પાકી છે. આવા ટાણાં ચૂકયે ફરી હાથ નહીં આવે. ભાઈ ! કોઈ શું માનશે કે શું કહેશે એનું તારે શું કામ છે ? બીજાને રાજી રાખવામાં કે રાજી કરવામાં તારો આત્મા દાઝી રહ્યો છે પણ એની તેં કદી દરકાર ક્યાં કરી છે ?—હવે તો જાગ ! ૧૯૧.

* * *

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—વિકલ્પાત્મક ભાવભાસન યથાર્થ કહેવાય ?*

સમાધાન :—વિકલ્પાત્મક ભાવભાસન બુદ્ધિથી થાય છે, તેને વ્યવહારે યથાર્થ કહેવાય પણ વાસ્તવિક યથાર્થ તો ચૈતન્યને ગ્રહણ કરે ત્યારે જ કહી શકાય. બુદ્ધિથી નિર્ણય કરે તેને વ્યવહારથી કહેવાય, પણ વાસ્તવિકપણે પોતે પોતાને ગ્રહણ કરે ત્યારે યથાર્થ કહેવાય.

*પ્રશ્ન :—જ્ઞાન લક્ષણના ભેદમાં ન રોકાતાં શું હું જ્ઞાયક છું એમ આપ સીધો જ્ઞાયકને ગ્રહણ કરવાનું કહો છો ?*

સમાધાન :—જે જ્ઞાનની પર્યાય ક્ષણે ક્ષણે પલટે છે તે હું નથી, હું તો ત્રિકાળ જાણનાર છું. સ્વયં મારું અસ્તિત્વ જ જ્ઞાયક છે, મારું અસ્તિત્વ સ્વયં જ્ઞાયકતાથી જ રચાયેલું છે. આ ક્ષણે ક્ષણે જે ફેરફાર થાય તે મારું મૂળ સ્વરૂપ નથી, સ્વયં જ્ઞાયકતાથી રચાયેલું મારું અસ્તિત્વ અખંડ છે, એમ જ્ઞાયકને ગ્રહણ કરવો. આ ક્ષણ પૂરતું જ્ઞાન-જ્ઞાન દેખાય છે તે મારું મૂળ અસ્તિત્વ નથી, ફરે છે એ તો પર્યાય છે. અનંતતાથી ભરેલો, અનંત જ્ઞાયકતાથી રચાયેલો, અનંત-અનંત અગાધ શક્તિઓથી ભરેલું જે જ્ઞાયકતાનું અસ્તિત્વ છે તે હું છું. એમ ગ્રહણ થવું જોઈએ.

અનંતતા તેને દેખાતી નથી, પણ તેને એટલી મહિમા અંતરમાં આવી જાય છે કે અગાધ શક્તિઓથી ભરેલું એવું મારું અસ્તિત્વ છે. મારું અસ્તિત્વ ખાલી નથી, પણ અનંત શક્તિઓથી ભરેલી એવી મારી જ્ઞાયકતા છે. એવી મહિમાપૂર્વક અંતરમાં જ્ઞાયકતા ગ્રહણ થવી જોઈએ.

*પ્રશ્ન :—પ્રથમ ગ્રહણ તો જ્ઞાની પુરુષનાં વચનો દ્વારા કરવું પડે ને ?*

સમાધાન :—જ્ઞાનીનાં વચનો તેમાં નિમિત્ત હોય છે. અનાદિકાળથી પોતે જાણ્યું નથી. એમાં પહેલાં દેવ કે ગુરુનાં વચનો કાને પડે છે, તે પછી પોતાની અંતરની તૈયારી થાય છે ને તેને ચૈતન્યના કોઈ અપૂર્વ સંસ્કાર તથા દેશનાલબ્ધિ પ્રગટે છે. જ્ઞાનીનાં વચન નિમિત્ત ખરાં, પણ અંતરથી તૈયારી પોતાને કરવાની રહે છે, પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે.

*પ્રશ્ન :—ભાવમાં એમ આવે છે કે હે ગુરુદેવ ! અમે કાંઈ જાણતા નહોતા, આપે જ માર્ગ બતાવ્યો અને બીજી બાજુ એમ આવે છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, તો શું સમજવું ?*

સમાધાન :—ગુરુદેવે કરી દીધું તેમ કહેવાય, પણ કરવું પોતાને પડે છે. અનંતકાળમાં પોતે પોતાના દોષથી રખડ્યો છે, ભગવાનને કે ગુરુને ઓળખ્યા નથી, મળ્યા તો પણ ઓળખ્યા નહિ. આ પંચમકાળમાં ગુરુ મળ્યા, તેમની વાણી મળી. તેને પોતે ગ્રહણ કરીને પુરુષાર્થ કરે તો જાગે છે. ગુરુદેવની વાણી તો બધાને માટે પ્રબળ નિમિત્ત છે, પણ તૈયારી પોતાને કરવાની રહે છે. ગુરુદેવનો તો ઉપકાર અમાપ છે, પણ પુરુષાર્થ પોતાને કરવાનો રહે છે. ગુરુદેવ પણ એમ જ કહેતા કે તું કર તો થશે.

પોતાની સ્વાધીનતાથી થાય છે. તારું દ્રવ્ય સ્વતંત્ર છે, બધાં દ્રવ્ય સ્વતંત્ર છે. તું તારો પુરુષાર્થ કર, પણ પુરુષાર્થ કરનાર ગુરુનો ઉપકાર માન્યા વગર રહે નહિ. કરનારને ઉપકારબુદ્ધિ આવ્યા વિના રહેતી નથી.

*પ્રશ્ન :—કરે પોતે, છતાંય ઉપકાર માનવો ?*

સમાધાન :—પોતે કરે છતાં કહે કે હે ગુરુદેવ ! તમે કરી દીધું. આચાર્ય પણ શાસ્ત્રમાં એમ જ કહે છે કે પરમ ગુરુના અનુગ્રહથી અમારો નિજ વૈભવ પ્રગટ્યો છે. કુંદકુંદાચાર્ય માટે દેવસેન આચાર્ય જેવા કહે છે કે આપ વાણી ન લાવ્યા હોત તો અમારા જેવા પામરનું શું થાત ! તેમ આવા ગુરુ આ પંચમકાળે પધાર્યા તો બધાને ઉપકાર થયો. નહિતર શું થાત ? ગુરુદેવ પધાર્યા તો માર્ગ બધાને ચોખ્ખો કરીને બતાવ્યો.

*પ્રશ્ન :—જ્ઞાનીની ભક્તિ કેવી રીતે પ્રગટ થાય ?*

સમાધાન :—માત્ર બહારથી ભક્તિ કરવી એમ નહીં પણ પોતાને અંદરથી મહિમા આવે તે જ્ઞાની પ્રત્યેની ભક્તિ છે. અંતરમાં બહુમાન આવવું જોઈએ. જ્ઞાનીના વચનો ઉપર બધી રીતે બહુમાન આવવું જોઈએ. અર્પણતા એવી આવી જાય કે ગુરુદેવ કહે છે તે બરાબર છે. તેમણે જે માર્ગ કહ્યો છે તે બરાબર છે. તેમ પોતાથી નક્કી કરીને બહુમાન આવવું જોઈએ. પોતે વિચાર કરીને નક્કી કરે કે આ સત્‌પુરુષ છે તે અપૂર્વ માર્ગ બતાવી રહ્યા છે. પછી, તે કહે તે બરાબર છે તેમ પોતાને અંતરમાંથી તે પ્રકારે બહુમાન-ભક્તિ આવે છે.

[તા. ૧૦-૫-૨૦૦૫]

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

શુદ્ધાત્માનુભૂતિપ્રધાન-અધ્યાત્મબોધપ્રદાતા, પરમ-તારણહાર, પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ તદ્‌ભક્તશિરોમણિ, સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહિનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી, તેઓ ઉભય ધર્માત્માની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ ભરેલા માર્ગદર્શનમાં, જિનશાસનપ્રભાવનાના અંગરૂપ બધી ધાર્મિક ગતિવિધિ નિયમિત સુચારુ ચાલી રહી છે.

### મહાવીર–જન્મકલ્યાણક તેમજ
### કહાનગુરુ-અધ્યાત્મતીર્થોદયનું (પરિવર્તનનું) વાર્ષિક પર્વ

ચૈત્ર સુદ-૧૩, શુક્રવારના દિવસે શ્રી પરમાગમમંદિરમાં ભગવાન શ્રી મહાવીરસ્વામીની પૂજા પછી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' (—પરિવર્તનસ્થળ)માં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન અને ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક અતિ આનન્દોત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે અમદાવાદ, ભાવનગર, બોટાદ આદિ અનેક ગામોથી સોથી વધુ મુમુક્ષુઓ આવ્યા હતા.

**ગુરુ-જન્મજયંતી મહોત્સવ :**—પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૬મો વાર્ષિક જન્મ-જયંતી-મહોત્સવ શ્રી કુન્દકુન્દ-કહાન દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ, પાર્લા-સાન્તાક્રૂઝ તરફથી સુવર્ણપુરી (સોનગઢ)માં અતિ આનન્દોત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. જેના વિસ્તૃત સમાચાર જૂનના અંકમાં આપવામાં આવશે.

❀ તા. ૧૧-૫-૨૦૦૫, બુધવાર (વૈશાખ સુદ ૩)નો દિવસ શ્રી ઋષભદેવ-આહારદાનપર્વ છે અને તા. ૧૮-૫-૨૦૦૫, બુધવાર, વૈશાખ સુદ ૧૦નો દિવસ શ્રી મહાવીર-કેવલજ્ઞાનકલ્યાણકનો વાર્ષિક ઉત્સવ છે. આ બંને ઉત્સવ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક મનાવવામાં આવશે.

### ❀ પૂજ્ય બહિનશ્રીની પંચાહ્નિક ઉપકારસ્મૃતિ ❀

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહિનશ્રી ચંપાબેનની ૧૫મી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૨-૫-૨૦૦૫, રવિવાર થી તા. ૨૬-૫-૨૦૦૫, ગુરુવાર (વૈશાખ વદ ૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમજ સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી મનાવવામાં આવશે. પધારેલ મહેમાનો માટે ભોજન, આવાસ વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

વૈશાખ વદ ૬, રવિવાર, તા. ૨૯-૫-૨૦૦૫નો દિવસ સોનગઢના સમવસરણ મંદિરનો ૬૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન છે અને વદ ૮, સોમવાર, તા. ૩૦-૫-૨૦૦૫નો દિવસ સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્‌ઘાટનનો તેમજ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૬૮મો વાર્ષિક દિવસ છે. આ બંને ઉત્સવ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક મનાવવામાં આવશે.

**શ્રુતપંચમી-પર્વ :**—જેઠ સુદ ૫, તા. ૧૨-૬-૨૦૦૫, રવિવારનો દિવસ શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ વગેરે જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક મનાવવામાં આવશે.

* * *

## Detailed itirnery of Shri Rajendra Kamdar for the tour.

| DATE | AIRLINE | FLLT No | FROM | DEP | TO | ARR | DAY |
|---|---|---|---|---|---|---|---|
| 22/4/05 | DL | 119 | MUMBAI | 155 | PARIS | 815 | FRIDAY |
| 22/4/05 | BD | 176 | PARIS | 1335 | LONDON | 1350 | FRIDAY (Lhr) |
| | | 22nd april to 28th april in LONDON | | | | | |
| 29/4/05 | BD | 173 | LONDON | 645 | PARIS | 910 | FRIDAY (Lhr) |
| 29/4/05 | DL | 21 | PARIS | 1145 | ATLANTA | 1515 | FRIDAY |
| 29/4/05 | DL | 4189 | ATLANTA | 1741 | AUSTIN | 1906 | WED |
| | | 29th april to 3rd May in AUSTIN | | | | | |
| 4/5/05 | DL | 603 | AUSTIN | 1034 | CINCINATI | 1403 | WED |
| 4/5/05 | DL | 1042 | CINCINATI | 1456 | GRAND RAPIDS | 1603 | WED |
| | | May 4th and May 5 in Grandrapids | | | | | |
| 6/5/05 | SURFACE | | GRAND RAPID | | TORANTO | | |
| | | May 6 to May 9 in CANADA | | | | | |
| 10/5/05 | SURFACE | | TORANTO | | GRANDRAPIDS | | |
| | | May 10 to May 12 in Grandrapids | | | | | |
| 13/5/05 | DL | 5683 | GRAND RAPIDS | 1031 | CINCINATI | 1138 | FRIDAY |
| 13/5/05 | DL | 1143 | CINCINATI | 836 | TAMPA | 1007 | FRIDAY |
| | | May 13 to May 16 in TAMPA | | | | | |
| 17/5/05 | DL | 1709 | TAMPA | 1235 | ATLANTA | 1405 | TUESDAY |
| 17/5/05 | DL | 1013 | ATLANTA | 1440 | PHILADELPHIA | 1643 | TUESDAY |
| | | May 17 to May 22 in PHILADELPHIA | | | | | |
| 23/5/05 | SURFACE | | PHILADELPHIA | | MARYLAND | | VIA KINGSTON |
| | | May 23 to May 31 in MARYLAND | | | | | |
| 1/6/05 | DL | 8379 | PHILADELPHIA | 1925 | PARIS | 845 | WED |
| 2/6/05 | DL | 118 | PARIS | 1120 | MUMBAI | 2355 | THURS |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ભગવાન આત્મા જ્ઞાતાનો ભંડાર, તેનાથી ભિન્ન જેટલો ભાવ—જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે તે ભાવ પણ—પરભાવ પરભાવ પરભાવ છે. જો તને ચારગતિના દુઃખનો ભય લાગ્યો હોય તો ઈ પરભાવ છોડ. રાગ મને લાભદાયક છે એમ જે માને છે તે શરીરને જીવ માને છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે ને શરીર, કર્મ, રાગ, શુભાશુભભાવ તે બધું શરીર છે. રાગના કણને પોતાનો માને છે તે બહિરાત્મા શરીરને જ આત્મા માને છે. ૩૫૪.

❀ આહાહા! ભગવાન! તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે—એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. એ પર્યાયો તારામાં નથી. તું તો ત્રિકાળીતત્ત્વ સદાય કલ્યાણ સ્વરૂપ શુદ્ધ જ છો. અરે પણ આ પંચમઆરો છે ને સભાને જોઈને વાત કરો! અરે ભાઈ સાંભળ...સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા-દાન આદિ કરવાનું કહેતાં તો લજ્જા આવે છે. અરે! તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતાં પણ લજ્જા આવે છે. ૩૫૫.

❀ જે અનંત અનંત ગુણનું મહાન અસ્તિત્વ પડ્યું છે તેની દૃષ્ટિ કરતાં વિકલ્પ તૂટી જાય છે. પરંતુ વિકલ્પને તોડવા જતાં તો મિથ્યાત્વ થાય છે. ૩૫૬.

❀ પ્રભુ એમ કહે છે કે પ્રભુ! તું એકસ્વરૂપે અંદર બિરાજે છે અને તારી જે પર્યાય છે તે પ્રમાણનો વિષય છે. દ્રવ્ય ને પર્યાય બેનું જ્ઞાન છે તે પ્રમાણ છે પણ નિશ્ચયનો વિષય તો પર્યાય વિનાનું એકલું દ્રવ્ય છે. કોઈ પ્રશ્ન કરે કે દિગંબરો એમ માને છે કે દ્રવ્ય પર્યાયને ન કરે? તો કહે છે કે સત્ય તો એમ જ છે કે દ્રવ્ય પર્યાયને ન કરે. દ્રવ્ય પર્યાયને સ્પર્શતું નથી—અડતું નથી તો કરે ક્યાંથી? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મદશા એને પણ દ્રવ્ય અડતું નથી તો કરે ક્યાંથી? ૩૫૭.

❀ પોતાની ભૂમિકાને યોગ્ય થતાં વિકારી ભાવોને જે છોડવા માગે છે તે પોતાની વર્તમાન ભૂમિકા સમજી શક્યો નથી, માટે તેનું જ્ઞાન મિથ્યા છે અને જેને વર્તતા વિકારી ભાવોનો નિષેધ આવતો નથી પરંતુ મીઠાશ વેદાય છે તો એ પણ વસ્તુસ્વરૂપ સમજ્યો નથી તેથી તેનું જ્ઞાન મિથ્યા છે. જ્ઞાનીને તો રાગને રાખવાની ભાવના હોતી નથી અને રાગને ટાળવાની આકુળતા હોતી નથી. ૩૫૮.

## દુર્લભ મનુષ્યભવને વ્યર્થ ન ગુમાવો

જેમ કોઈ મૂર્ખ સુવર્ણના થાળમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથ વડે ચિંતામણિ ફેંકી દે છે તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્યજન્મને પ્રમાદને વશ થઈને વ્યર્થ ગુમાવે છે.

*શ્રી સોમપ્રભ આચાર્ય, સુક્તિ-મુક્તાવલી, શ્લોક-૫*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334